ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારનાં ચિલોડા જંકશન મથકની આજુબાજુ અસંખ્ય ગરીબ પરીવારો રાંધણના બળતણ તરીકે હજુ કેરોસીનનાં પ્રાયમસનો ઉપયોગ કરી રસોઈ બનાવવા મજબૂર બન્યા છે. દિનપ્રતિદિન ગરીબ પરીવારમાં ગેસના સિલિન્ડર મેળવવામાં અનેક તકલીફ વેઠવાનો વારો આવ્યો છે. હજુ ગરીબ પરિવારો ખેતરે ઘુમી માર્ગ સાઈડના સુકા લાકડા લાવી ચૂલો સળગાવતા પ્રયત્ન કરી રહ્યાં છે. આમ ગેસ, લાકડું અને કેરોસીન જેવા બળતણ દુર્લભ અને મોંઘા બનતાં લોકો વલખાં મારી રહ્યાં છે. પરિણામે ચિલોડા વિસ્તારમાં મોટાભાગના પરિવારો કેરોસીન મેળવવા ચિલોડા સેવા સહકારી મંડળી હસ્તક વિતરણ વ્યવસ્થા પર નાના-ભૂલકાઓ, મહિલાઓ, યુવાનો, કલાકો સુધી લાઈનમાં પોતાના નાના-મોટાં -ડબલાં મૂકી લાંબી કતારોમાં ઉભા રહેલા દૃષ્ટિગોચર થાય છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

વૈજનાથ મંદિર વાસન ખાતે પવિત્ર શિવરાત્રી પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના વાસન ગામ નજીક વૈજનાથ મહાદેવના સુપ્રસિધ્ધ મંદિર ખાતે શિવરાત્રી નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં અમદાવાદ, ગાંધીનગર, માણસા, વિજાપુર અને મહેસાણાથી ભકતો દર્શનાર્થે અને વેપારીઓ વેપાર માટે આવે છે અને પ્રભુના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

ગાંધીનગરથી માણસા જતા મુખ્યમાર્ગ ઉપર વૈજનાથ મહાદેવનું પ્રાચિન મંદિર આવેલું છે. આ મંદિર મુગલ સમયથી અસ્તિત્વ ધરાવતું હોય તેવી લોકવાયકા પ્રચલિત છે. આ મંદિરનો ઈતિહાસ એવો છે કે કોઈ ગોવાળીયો પોતાની ગાયો ચરાવવા જતો અને રોજ એક ગાય પોતાના આંચળમાંથી સ્વયંભુ દુધની ધારા આ જગ્યા ઉપર પાડતા ગોવાળીયાએ આ દશ્ય પોતે નજરે જોતા તે જગ્યાએ ખોદકામ કરાવતા ત્યાંથી શિવલીંગ મળ્યું હતું. જે શિવલિંગ આજે વૈજનાથ મહાદેવના નામે પ્રચલિત છે. વૈજનાથ મહાદેવ ટ્રસ્ટ દ્વારા સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. જયારે જિલ્લામાં ગણી ખરી એમ્બ્યુલન્સ હતી ત્યારે આ ટ્રસ્ટ જોડે એમ્બ્યુલન્સ હતી અને ખુબ જ નજીવા દરે સેવા પૂરી પાડવામાં આવતી હતી. વૈજનાથ મહાદેવના મંદિરની બરાબર સામે ૫૧ ફૂટના હનુમાનજીનું મંદિર આવેલું છે. અને તેની પાછળની બાજુએ સાંઈ મંદિર, ખોડિયાર માતાનું મંદિર અને ગજાનંદ ગણપતિનું મંદિર પણ આજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. આ ટ્રસ્ટમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પ્રમુખ તરીકે સેવા બજાવે છે અને પૂર્વ ધારાસભ્ય સુરેશભાઈ પટેલ પણ આજ ટ્રસ્ટમાં સેવા બજાવે છે.

વૈજનાથ મહાદેવ ખાતે શ્રાવણ મહિનાના દર સોમવારે પણ મેળાનું ખુબ જ સુંદર આયોજન થાય છે અને શિવરાત્રી નિમિત્તે પણ મેળો યોજવામાં આવતો હોય છે. આ નિમિત્તે સવારથી પૂજા અર્ચના કરી અભિષેક કરવામાં આવે છે અને રાત્રે ૧૨-૦૦ વાગ્યે મહાઆરતીનું આયોજન કરવામાં આવે છે.

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નારી શક્તિ કો સલામ કાર્યક્રમ યોજાયો

મહિલાદિને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ૨૦ મહિલાઓનું સન્માન

ગાંધીનગર, તા. ૧૦

મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટે સતત કાર્યશીલ ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સતત ચોથા વર્ષે 'નારી શક્તિ કો સલામ' કાર્યક્રમ

યોજાયો હતો. સમાજમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સન્નારીઓનું સન્માન કરી એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રણ વર્ષથી વિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓને ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડથી સન્માનીત કરવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે 'નારી શક્તિ કો સલામ' કાર્યક્રમ ઈન્ફોસીટી ક્લબ ખાતે યોજાયો હતો. સ્વાગત પ્રવચનમાં ઉદ્‌ગમના મેનેજીંગ ટ્રસ્ટી મયૂર જોષીએ સર્વને આવકારી ઉદ્‌ગમ એટલે ઉગવુ, પણ ઉદ્‌ગમ પ્રમાણે, એકલા ઉગવા કરતાં સૌની સાથે, સૌની વચ્ચે રહી સૌને એક માધ્યમ આપવાનો પ્રયાસ કરે તે છે. દેવેન્દ્રભાઈ પારેખે મહાનુભાવોનો પરિચય આપ્યો હતો તથા પરમજીત કૌર છાબડા દ્વારા સંસ્થાના આગામી વર્ષના મહિલા કાર્યોની જાણકારી આપવામાં આવી હતી. 'નારી શક્તિ કો સલામ' કાર્યક્રમ બાળ વિશ્વ વિદ્યાલયના સલાહકાર જ્યોતિબેન થાનકીના અધ્યક્ષપણે તથા મુખ્યમંત્રીના અધિક માહિતી અધિકારી હિતેષભાઈ પંડ્યા અને નીતાબેન ભાટી અતિથિ વિશેષના હસ્તે તથા આશાબેન સરવૈયા, રજનીકાન્ત સુથારની વિશિષ્ટ ઉપસ્થિતિમાં મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ચતુર્થ ઉદ્‌ગમ વુમન્સ એચીવર્ષ એવોર્ડમાં ગુજરાતના સમાજસેવી મીનળબેન ઓઝા અને અંજૂબેન શેઠને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા. અંધ બાળક સાથે કામ કરતાં સમાજસેવી લીનાબેન મહેતા અને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા ડૉ. બિન્દુબેન ભટ્ટને સ્પેશ્યલ એચીવમેન્ટ એવોર્ડ આપી નવાજવામાં આવ્યા હતા. નિર્મળ ટ્રસ્ટના નિર્મળાબેન પરમાર અને સંવેદનાના જાનકીબેન વસંતને સમાજ સેવા માટે તથા સૌંદર્ય ક્ષેત્રે કાર્યરત ક્રિશ્નાબેન જોબનપુત્રા અને મીનાક્ષીબેન નાયક તથા ભાવનાબેન શાહને આર્થિકક્ષેત્રે તથા શિક્ષણમાં કાશ્મીરાબેન વ્યાસ, રમતગમત ક્ષેત્રએ જેનેટ ક્રિશ્ચિયન, યોગમાં પારૂલબેન ઉપાધ્યાય, કોર્પોરેટ ક્ષેત્રે ગ્રીષ્મા એન્જીનિયર, હિરલબેન વ્યાસ, મધુલિકા રાઠી તથા સ્નેહા ઠક્કર અને આરોગ્યમાં ડૉ. સીમાબેન શાહ અને ડૉ. મોનાબેન દેસાઈને તથા પત્રકારત્વમાં ઈલાબેન પરીખ અને સંગીત ક્ષેત્રે ડૉ. મોનીકાબેન શાહને તેમની વિશિષ્ટ કામગીરી માટે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વર્ષાબેન પારેખ, પરમજીતબેન છાબડાએ ભારે જહેમત ઉઠાવી હતી. સંસ્થાના દેવેન્દ્રભાઈ પારેખે કાર્યક્રમનું સફળ સંચાલન અને સંજયભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

ઉદ્‌ગમ વુમન્સ એચીવર્સ એવોર્ડ

એવોર્ડ મેળવનાર સન્નારી	ક્ષેત્ર
જેનેટ એસ. ક્રિશ્ચિયન	રમતગમત
નિર્મલાબેન	સમાજસેવા
જાનકીબેન વસંત	સમાજસેવા
પારૂલબેન ઉપાધ્યાય	યોગ
કાશ્મીરાબેન વ્યાસ	શિક્ષણ
ભાવનાબેન શાહ	ઉદ્યોગ-આર્થિક
ક્રિશ્નાબેન જોબનપુત્રા	ઉદ્યોગ-આર્થિક
મીનાક્ષીબેન નાયક	ઉદ્યોગ આર્થિક
ગ્રીષ્મા એન્જીનિયર	કોર્પોરેટ
હિરલબેન વ્યાસ	કોર્પોરેટ
મધુલીકાબેન રાઠી	કોર્પોરેટ
સ્નેહા ઠક્કર	કોર્પોરેટ
ડૉ. સીમાબેન શાહ	આરોગ્ય
ડૉ. મોનાબેન દેસાઈ	આરોગ્ય
ઈલાબેન પરીખ	પત્રકારત્વ
ડૉ. મોનિકાબેન શાહ	સંગીત

ઉદ્‌ગમ સ્પેશીયલ એચીવમેન્ટ એવોર્ડ

લીનાબેન મહેતા	સમાજ સેવા
ડૉ. બિન્દુબેન ભટ્ટ	શિક્ષણ

ઉદ્‌ગમ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ

મીનળબેન ઓઝા	બાળ આરોગ્ય અને શિક્ષણ
અજુબેન શેઠ	સમાજ સેવા

ગાંધીનગર ખાતે અતિ પછાત જાતિ વિકાસ સંઘ દ્વારા પૂનમભાઈ મકવાણાનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧૦

અતિ પછાત જાતિ વિકાસ સંઘ, ગુજરાત -દેશ, ગાંધીનગર દ્વારા આજરોજ શિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે દસાડાના ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણાનો સત્કાર સમારોહનું આયોજન ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર- ૧૨,ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષ સ્થાને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી રમણલાલા વોરા ઉપસ્થિત રહયાં હતા. આ -સંગે રાજયના વિવિધ જિલ્લા માંથી પધારેલા અતિ પછાત સમાજના અગ્રણીશ્રીઓ દ્વારા ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણાનું ફૂલહાર અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની -તિમા અન્ય સ્મૃતિ ચિહન આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ -સંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી રમણલાલા વોરાએ જણાવ્યું હતું કે, ડૉ.બાબાસાહેબ આંબેડકરે આઝાદી પહેલા એવું કહ્યું હતું કે, રાજકારણમાં પણ દલિત સમાજને સ્થાન આપવું જોઈએ. તે પછી ૧૯૨૭ના વર્ષમાં સાયમન કમિશન ભારત દેશમાં આવ્યું ત્યારે ડૉ.બાબાસાહેબે દલિત સમાજને અલગ મતાધિકાર આપવાની માંગણી કરી હતી. પરંતુ સ્વીકારાઈ ન હતી. ત્યારબાદ ૨૪ મી સપ્ટેમ્બર- ૧૯૨૭ના રોજ પૂના કરાર થયા જેના આધારે અનામત અમલમાં આવ્યું. જે વાતને લઈ આજે સમગ્ર દલિત સમાજ ડૉ.બાબાસાહેબ આંબેડકરને યાદ કરે છે. આઝાદીના ઘણા વર્ષો બાદ બાબા સાહેબ આંબેડકરે જે ઈચ્છા વ્યકત કરી હતી, તે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં પુરી થઈ છે. આજે ગુજરાતના દલિત સમાજના આગળ લાવવા માટે અનેક યોજનાઓનો લાભ દલિત સમાજના લોકોને હાથોહાથ આપવામાં આવી રહ્યો છે.

વધુમાં મંત્રીશ્રીએ કોઈ પણ વ્યકિતની -ગતિ માટે સમાજનો સહયોગ ખૂબ જ જરૂરી છે. આ માટે તેમણે સમાજના સર્વે આગેવાનો અને સમાજ બંધુઓને પૂનમભાઈ મકવાણાની સાથે ખભાથી ખભો મિલાવી કામ કરવાની હાંકલ કરી હતી.

દાસાડાના ધારાસભ્ય શ્રી પુનમભાઈ મકવાણાએ શિવરાત્રીના પાવન પર્વ હોવા છતાં સન્માન સમારંભમાં ઉપસ્થિત વિવિધ જિલ્લામાંથી આવેલા આગેવાનશ્રીઓ અને સંત -મહંતોનો આભાર વ્યકત કર્યો હતો. વધુમાં તેમણે રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં અતિ પછાત જાતિ માટે કરવામાં આવેલા વિવિધ કાર્યો અને યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી..

આ -સંગે ધારાસભ્ય શ્રી પુનમભાઈ મકવાણાનું અતિ પછાત જાતિના ગુજરાત રાવત સંઘ, તુરી-બારોટ સમાજ, ગાંધીનગર અને પાટણ, વાંકાનેર, બનાસકાંઠા, કાંકરેજ, નડિયાદ, ગાંધીનગર, પંચમહાલ જેવા વિવિધ જિલ્લામાંથી આવેલ બારોટ સમાજના આગેવાનો તથા અખિલ ગુજરાત સાધુ સેવા સંઘ દ્વારા તેમને શાલ ઓઢાડી અને સ્મૃતિ ચિહુન આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, દક્ષિણના ધારાસભ્ય શ્રી શંભુજીભાઈ ઠાકોર, જાખોરાના સરપંચ શ્રી શારદાબેન મકવાણા, સંસ્થાના મહામંત્રી શ્રી લલિતભાઈ સાધુ તથા ચંદનભાઈ રાણા, ઉપ-મુખ શ્રી -વિણ પંડયા, ઉપાધ્યક્ષ શ્રી ઉષાબેન, સમાજના અગ્રણી શ્રી કસ્તુરભાઈ નાડિયા, મનુભાઈ તીરવાળા સહિત સમાજના બંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

ઝૂલેલાલ-સાંઈબાબા મંદિર ૧૪મીએ ૫૦૦૧ દીવડાથી દીપી ઉઠશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૩૦માં આવેલું ઝૂલેલાલ-સાંઈબાબા મંદિર છેલ્લા ઘણા સમયથી શ્રધ્ધાળુઓ અને ભકતજનોની આસ્થાનું સ્થાન બની રહ્યું છે. ભગવાનશ્રી ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરમાં એક શ્રધ્ધાળુની માનતા ફળતા શ્રદ્ધાળુ દ્વારા તા. ૧૪મી માર્ચ ૨૦૧૩ને ગુરૂવારના રોજ મંદિરને ૫૦૦૧ દિવડાઓથી શણગારવામાં આવશે.

ઈશ્વર તરફની અતૂટ શ્રદ્ધા અને આસ્થા ભકજનોમાં અનન્ય ભકિતનું દર્શન કરાવે છે. આવી જ ભકિત અને શ્રદ્ધાથી એક શ્રદ્ધાળુની આસ્થા ફળી છે. તેમના અગત્યના કાર્ય પૂર્ણ થવા માટે તેમણે માનતા રાખી હતી. સાંઈબાબાની અસીમ કૃપાથી શ્રદ્ધાળુની માનતા પૂરી થઈ છે અને તેઓની ઈચ્છા અનુસાર તા. ૧૪મી માર્ચ ગુરૂવારના રોજ સાંઈબાબા મંદિર પરિસરમાં તેલથી ભરેલા ૫૦૦૧ માટીના દીવડાઓ સાંજના ૭ કલાકે પ્રગટાવવામાં આવશે. આવા પાવન અને મનોરમ્ય ઝળહળાટ ભર્યા વાતાવરણને માણવા સર્વે શ્રદ્ધાળુઓને પ્રમુખ સિંધી પંચાયત તરફથી ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શિહોલી મોટી ગામના યુવાને ઝેરી દવા ગટગટાવી જીવન ટુંકાવ્યું

ચિલોડા, તા.૧૦

ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામમાં રહેતા એક યુવાને ઝેરી દવા પી જતાં તેનું અમદાવાદ સિવિલમાં સારવાર બાદ મોત નિપજયું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ શિહોલી મોટી ગામના દશરથજી બળદેવજી ઠાકોર (ઉ.વ.૩૫) તા. ૯મી માર્ચ ૧૧ કલાકની આસપાસ પોતાના ખેતરમાં ગયા હતા. ત્યારબાદ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી જતાં હાલત બગડતાં લોકો દોડી આવ્યા હતા. ત્યારે આ યુવકને તુરત જ ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યો હતો. દશરથજી ઠાકોરની હાલત વધુ નાજુક જણાતાં ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કર્યા બાદ સારવાર બાદ મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે ચિલોડા પોલીસે ગુન્હો નોંધી મોતનું સાચું કારણ જાણવા વધુ તપાસ હે.કો. કાન્તભાઈ ડાહ્યાભાઈ રાવળ ચલાવી રહ્યા છે.

તાજપુર વિભાગીય સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવાયો

ચિલોડા, તા.૧૦

પ્રાંતિજ તાલુકાની તાજપુર વિભાગીય સાર્વજનિક હાઈસ્કૂલના પટાંગણમાં ૮મી માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે તાજપુર ગામના ઉપસરપંચ શ્રીમતિ પટેલ હેતલબેન રાકેશભાઈ તેમજ કુ. જિજ્ઞાસાબેન પ્રજાપતિ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતાં. જિજ્ઞાસાબેન પ્રજાપતિએ ટેટની પરીક્ષા તથા ગૌણ સેવા પસંદગીની પરીક્ષા ઉત્તીર્ણ કરી નારી ગૌરવ વધાર્યું હતું. બંને મહાનુભાવોનું શાળાના આચાર્યશ્રી તથા શાળા પરિવારે શાલ ઓઢાડી, પુસ્તક અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત કરી પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાની ૧૯ વિદ્યાર્થીનીઓએ મહિલા દિન પ્રસંગે નારી-ગૌરવની ગાથા વર્ણવી હતી. આ પ્રસંગનું સફળ સંચાલન કુ. ધારાબેન પટેલે સંભાળ્યું હતું. શાળાના આચાર્યશ્રી વિક્રમભાઈ પટેલ તથા શિક્ષકગણ-વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સફળ બનાવ્યો હતો.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સેક્ટર-૨ના બંધ મકાનમાં આગ લાગતા ઘરવખરી બળી ગઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૨-ડી ખાતે આવેલ એક મકાનમાં આજે બપોરના સમયે બેડરૂમમાં આગ લાગતા તેમાં રહેલી ઘરવખરી બળી જવા પામી હતી. આ સમગ્ર ઘટનાની ફાયરબ્રિગેડમાં જાણ થતાં ફાયર ફાયટરના માણસો તાત્કાલિક ઘટના સ્થળે આવી આગ કાબૂમાં લીધી હતી.

ફાયરબ્રિગેડના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના સેક્ટર-૨-ડી ખાતે એક બંધ મકાનના બેડરૂમમાં આજે બપોરના સમયે એકાએક અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી જેથી બેડરૂમમાં રહેલ પલંગ, ગાદલુ, બારીના પડદા, લાકડાની ફ્રેમ સહિતનું નાનુ-મોટુ ફર્નિચર બળી જવા પામ્યું હતું. મકાન માલિક મકાન બંધ કરી બહાર ગયા હતા દરમિયાન આ આગની ઘટના બનતા આસપાસના રહીસોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતા ચિનુભાઈ, ગૌતમભાઈ, નરેશભાઈ સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. સદ્‌નસીબે આ આગમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૩
સૂર્યાસ્ત : ૬.૪૫

તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૨૭ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સારે જહાં સે મેંહગા : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦
મિશન ઓસામા બીન લાદેન : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન (હોલ્ડ) : ૯.૧૫
કાઈ પો છે : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ એટેંક્સ ઑફ ૨૬/૧૧ : ૮.૦૦

: સ્ક્રીન-૩ :
કાઈ પો છે : ૧૦.૩૦
ધ એટેંક્સ ઑફ ૨૬/૧૧ : ૧.૦૦, ૩.૩૦
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
લૂંટેરે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
લૂંટેરે : ૧૨.૪૫, ૫.૧૫

વિરાગ, કલોલ

હું છું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યોનો યોગ. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

વૃષભ : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

મિથુન : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

કર્ક : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

સિંહ : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

કન્યા : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

તુલા : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

વૃશ્ચિક : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

મકર : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

કુંભ : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

મીન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

ચિરવિદાય

- સ્વ. પપ્પીબેન અંબાલાલ દંતાણી (ઉ.વ. ૪૫) આદિવાડા, સેકટર-૨૮.ગાંધીનગર.
- સ્વ. જીવણજી રમતુજી ઠાકોર (ઉ.વ. ૫૨) પ્લોટ નં. ૮૭૪/૧, સેકટર-૫/સી,ગાંધીનગર.
- સ્વ. પ્રતાપભાઈ કોદરભાઈ ભરથરી (ઉ.વ. ૪૨) પ્લોટ નં. ૩૮૫/૨, સેકટર-૧૩.ગાંધીનગર.
- સ્વ. લીલાબેન અલ્કેશભાઈ ચૌધરી (ઉ.વ. ૩૮) મુ.પો. પ્રતાપપુરા(બાલવા), તા. કલોલ, જિ.ગાંધીનગર.
- સ્વ. અમરીબેન ભાલાભાઈ ભરવાડ (ઉ.વ. ૬૫) મુ.પો. હાલીસા, તા. દહેગામ, ગાંધીનગર.